## ચેક રિટર્નના બે કેસમાં આરોપીને ૮ માસની સજા

સુરત : ચેક રિટર્નના બે અલગ અલગ કેસમાં કોર્ટે આરોપી મનોજભાઈ ભરતભાઈ ચરખાવાળાને ૮ માસની સજા તથા ચેકની કુલ રકમ રૂપિયા ૮,૮૦,૨૮૧ ફરિયાદી રાકેશ વલ્લભરામ કાચીવાલા તથા કવિન મુકુંદભાઈ પટેલને ચૂકવવા હુકમ કર્યો છે. ફરિયાદી તરફે એડવોકેટ વત્સલ રેશમવાલા તથા દર્શન ગોડીવાલાએ દલીલો કરી હતી.

## ભટારમાં તાવમાં પટકાતા આધેડનું મોત

સુરતઃ મૂળ મહારાષ્ટ્રના વતની અને ભટારના ગોકુલનગરમાં રહેતા 50 વર્ષિય સુનિલભાઈ શંકરભાઈ સિંધે બેકાર હતા અને છેલ્લા ચારેક દિવસથી તાવ આવતો હતો. જેથી તેઓ ખાનગી દવાખાનાથી દવા લઈને સારવાર લઈ રહ્યા હતા. આજે વહેલી સવારે સુનિલભાઈ બેભાન થઈ જતાં પરિવારજનો તેમને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબિયત તેમને મૃત જાહેર કર્યા હતા.

## ૪૦ લાખના ચેક રિટર્ન કેસમાં હરેકૃષ્ણા એન્ટરપ્રાઇઝના માલિકને સજા

સુરતઃ કાપડની ખરીદીમાં આપેલા ચેક રિટર્ન કેસમાં હરેકૃષ્ણા એન્ટરપ્રાઇઝના માલિક વિક્રમભાઈ ભીમભાઈ વાઘમશીને એક વર્ષની સજા કોર્ટે ફટકારી ચેકની રકમ વ્યાજ સાથે ચૂકવવા હુકમ કર્યો હતો. ફરિયાદી હસમુખભાઈ અનરાજ કોઠારી (પ્રેક્ષા ટ્રેન્ડ્સ) પાસેથી આરોપી હરેકૃષ્ણા એન્ટરપ્રાઇઝ તથા તેના પ્રોપ્રાઇટર વિક્રમભાઈ વાઘમશીએ રૂ.૪૦.03 લાખનો માલ ખરીદી પેટે ચેક આપ્યો હતો. જે રિટર્ન થયો હતો. ફરિયાદીએ એડ્વોકેટ કમલેશ રાવલ મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી.

## લાજપોર જેલમાંથી ખુંખાર આરોપીઓની બદલી

સુરતઃ લાજપોર મધ્યસ્થ જેલમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા કેદીઓની જેલ બદલી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સુરત શહેર અને જિલ્લામાં નોંધાયેલા ગંભીર ગુનાઓ સાથે સંકળાયેલા ૨૦થી વધુ આરોપીઓને અલગ અલગ જેલમાં ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. સતીશ મરાઠી હત્યા કેસ સાથે સંકળાયેલા આરોપીઓ અંગે જેલમાં તેમની સંડોવણી તથા સંપર્કોની બાબતો સામે આવતા જેલ પ્રશાસને સુરક્ષાની દૃષ્ટિએ તેમને અલગ જેલમાં મોકલવાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળે છે.

## હજીરા પોર્ટ પરથી ૧૫.૨૯ લાખના વટાણા ભરેલી ટ્રક લઈ ડ્રાઈવર ફરાર

સુરત : પાલ વિસ્તારમાં આવેલા શ્રદ્ધા ફ્લેટ ખાતે રહેતા અને હજીરાની વિવિધ કંપનીઓમાં ટ્રાન્સપોર્ટેશન બ્રોકર તથા કમિશન એજન્ટ તરીકે કામ કરતા મુકેશકુમાર જગરામ ચૌધરી (ઉ.વ. ૪૮) 'કિરણ રોડલાઈન્સ' નામે ફર્મ ચલાવે છે. ગત તા.૮ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ ગાંધીધામની 'શ્રી કે. એમ. લોજિસ્ટિક' કંપની તરફથી તેમને હજીરા અદાણી પોર્ટ પરથી ૪૦ ટન વટાણાની બોરીઓ કાનપુર પહોંચાડવા માટેનો ઓર્ડર મળ્યો હતો. જેથી તેમણે રાજકુમાર ભગવાન સ્વરૂપ નામના વ્યક્તિની માલિકીની ટ્રક (નંબર HP-38-J-0971) અને તેના ડ્રાઈવર રામનરેશ મહિપાલ (રહે. ફીરોઝાબાદ, ઉત્તરપ્રદેશ)ને કામગીરી સોંપતા તે રૂપિયા ૧૫,૨૯,૪૩૩ ની કિંમતના ૪૦.૦૯૦ ટન વટાણા ભરીને ટ્રક સાથે ભાગી છુટ્યો હતો.

# પૂરગ્રસ્તોમાં જેને વેરા બિલ મળી ગયા તેને પણ માફીનો લાભ મળશે

**પૂરગ્રસ્ત** મિલકતોના 147 કરોડના વેરા માફ થશે

**રજિસ્ટર્ડ** મોબાઇલ નંબર પર માત્ર એજ્યુકેશન સેસના ચૂકવણા માટે જાણ કરાશે

સુરત : ગત 6 જુલાઈએ પડેલા ભારે વરસાદ બાદ સર્જાયેલી પૂરની સ્થિતિને ધ્યાને રાખીને સુરત મહાનગરપાલિકા દ્વારા અસરગ્રસ્ત મિલકતદારો માટે મિલકત વેરા અને યુઝર ચાર્જીસમાં રાહત આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. જોકે, રાહતની જાહેરાત બાદ પણ પૂર પ્રભાવિત વિસ્તારોમાં મનપા દ્વારા બિલ ઈસ્યૂ કરી દેવામાં આવતાં મિલકતદારોમાં ભારે મૂંઝવણ ઊભી થઈ હતી.

આ અંગે સ્થાયી સમિતિ ચેરમેન રાજન પટેલે સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે, ઝોન કક્ષાએ નક્કી થયેલી બિલ સાયકલ મુજબ તમામ વોર્ડમાં પ્રોપર્ટી ટેક્સના બિલો પહોંચાડવાની કામગીરી ચાલી રહી છે. સામાન્ય સભાના ઠરાવ મુજબ શહેરની અંદાજિત 3,54,600 મિલકતોને વર્ષ 2026-27ના શિક્ષણ ઉપકર સિવાયના તમામ મિલકત વેરા અને યુઝર ચાર્જીસમાંથી મુક્તિ આપી કુલ રૂપિયા 147 કરોડની માફી આપવાનું નક્કી કરાયું છે. જે મિલકતદારોને બિલ મળી ગયા હોય કે જેમણે અગાઉથી વેરો ભરપાઈ કરી દીધો હોય, તેમણે પણ ચિંતા કરવાની જરૂર નથી. તેમને પણ વેરા રાહતનો બાદમાં લાભ મળશે અને તે અંગેની જાણ તેમના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર મેસેજ દ્વારા કરવામાં આવશે.

આ ઉપરાંત, જે પૂર અસરગ્રસ્તોના ઘર કે વેપારના સ્થળે પાણી ભરાવાથી નુકસાન થયું હોય પરંતુ પ્રાથમિક યાદીમાં કે આ યોજનામાં તેમની મિલકતનો સમાવેશ થયો ન હોય, તેમના માટે પણ મનપા દ્વારા ખાસ અરજી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

આવા વંચિત રહી ગયેલા મિલકતદારોએ પોતાના ઘરમાં કે દુકાનમાં પાણી ભરાયા હોવાના ફોટોગ્રાફી કે વીડિયોગ્રાફી જેવા નક્કર પુરાવાઓ એકત્રિત કરવાના રહેશે. ત્યારબાદ પ્રોપર્ટી ટેક્સ બિલ ઈસ્યુ થયાની તારીખથી બે મહિનાની અંદર પોતાના લાગુ પડતા ઝોન ખાતે જરૂરી પુરાવાઓ સાથે લેખિત અરજી કરવાની રહેશે. ઝોન કચેરી દ્વારા યોગ્ય ચકાસણી કર્યા બાદ તમામ પાત્રતા ધરાવતા મિલકતદારોને આ યોજના હેઠળ વેરા રાહતનો લાભ પૂરો પાડવામાં આવશે.

## આપઘાત કેસમાં ગુરુગ્રામ પોલીસ સુરતથી એકને ઊંચકી ગઈ

સુરત : ગુરુગ્રામના બાદશાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારના ટીકલી ગામમાં 17 વર્ષીય યુવકના ઝેરી પદાર્થનું સેવન કર્યા બાદ થયેલા મોતના મામલે પોલીસે મોટી કાર્યવાહી કરી છે. પોલીસે ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મ મીશો અને સલ્ફાસ વેચનાર વિક્રેતા સામે કેસ નોંધ્યો છે. મૃતકની ઓળખ યુવી (17) તરીકે થઈ છે. સલ્ફાસ સપ્લાય કરનારને ગુરુગ્રામ પોલીસે સુરતથી ઊંચકી લીધો છે અને ક્રાઈમબ્રાન્ચમાં તેની નોંધ પણ કરાવી છે. પોલીસ તપાસ મુજબ, 17 વર્ષીય યુવીએ 11 એપ્રિલ, 2026ના રોજ પોતાના મોબાઈલ નંબરનો ઉપયોગ કરીને મીશો પ્લેટફોર્મ પર સલ્ફાસનો ઓર્ડર આપ્યો હતો. પોલીસ તપાસમાં ઓર્ડરના ઈનવોઈસમાં ગુજરાતના સુરતમાં આવેલી એક એગ્રો કંપનીનું નામ ખુલ્યું હતું. આ કેસમાં મીશો ઉપરાંત સપ્લાયર પંકજનું નામ ખુલ્યું હતું.

# આરોપીઓને મારનાર ડીસીપી નકુમ સામે ગૃહવિભાગ પગલા લેશે

**સુરતમાં** આરોપીઓને જાહેરમાં માર મારવાના કેસમાં તપાસનો રિપોર્ટ હાઈકોર્ટમાં રજૂ

**સોશિયલ** મીડિયાની ટિપ્પણીઓને સંપૂર્ણપણે અવગણવી એ જ શ્રેષ્ઠ ઉપાય છે

અમદાવાદઃ સુરતના સલાબતપુરા વિસ્તારમાં આરોપીઓને હાથકડી પહેરાવી જાહેરમાં માર મારવાના ચકચારી કેસમાં ગુજરાત હાઈકોર્ટમાં શુક્રવારે મહત્વપૂર્ણ સુનાવણી હાથ ધરાઇ હતી. ડીસીપી રાજદીપસિંહ નકુમ સામેની ખાતાકીય તપાસ પૂર્ણ થઇ હોવાનું રાજ્ય સરકારે હાઈકોર્ટને જણાવ્યું હતું અને તપાસનો અહેવાલ સીલબંધ કવરમાં કોર્ટ સમક્ષ રજૂ કર્યો હતો. ડીસીપી નકુમ આઈપીએસ કક્ષાના અધિકારી તરીકે બઢતી પામ્યા હોવાથી હવે તેમની સામે આગળની કાર્યવાહી અને અંતિમ નિર્ણય રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા લેવામાં આવશે. આ મામલે આગામી સુનાવણી ૭ સપ્ટેમ્બરે હાથ ધરાશે.

### હવે ગૃહ વિભાગના નિર્ણય પર નજર

સરકાર તરફથી મુખ્ય સરકારી વકીલ જી.એચ. વિર્કે કોર્ટને જણાવ્યું હતું કે ડીસીપી નકુમ સામેની તપાસ પૂર્ણ થઇ છે અને તેનો અહેવાલ સીલબંધ કવરમાં રજૂ કરવામાં આવ્યો છે.

ડીસીપી નકુમને આ ઇ પી એ સ કક્ષાના અધિકારી તરીકે બઢતી મળી હોવાથી તેમની સામે આગળની શિસ્તભંગની કાર્યવાહી અંગેનો નિર્ણય હવે રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા લેવામાં આવશે. ગુજરાત હાઇકોર્ટ આ અહેવાલની સમીક્ષા બાદ સમગ્ર મામલે આગળની કાર્યવાહી કરશે. આગામી સુનાવણી ૭ સપ્ટેમ્બરે યોજાશે. હવે જોવાનું એ રહે છે કે રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા ડીસીપી નકુમને સસ્પેન્ડ કરવામાં આવે છે કે તેમની બદલી કરવામા આવે છે?

### હાઇકોર્ટ એડ્વોકેટ્સ એસો.એ સોશિયલ મીડિયા ટિપ્પણીનો મુદ્દો ઉઠાવ્યો

કાર્યવાહી દરમિયાન ગુજરાત હાઇકોર્ટ એડવોકેટ્સ એસો.દ્વારા ભાજપના નેતા મુકેશ ગુજરાતી દ્વારા હાઇકોર્ટના ન્યાયાધીશો વિરુદ્ધ સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી વાંધાજનક ટિપ્પણીઓનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલની અધ્યક્ષતાવાળી ખંડપીઠે આ રજૂઆત અંગે જણાવ્યું હતું કે દેશમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા છે અને કોર્ટને શું કરવું તથા શું ન કરવું તેની જાણ છે. સોશિયલ મીડિયા પર થતી દરેક ટિપ્પણીને ગંભીરતાથી લેવાની જરૂર નથી અને આવી ટિપ્પણીઓને સંપૂર્ણપણે અવગણવી એ જ શ્રેષ્ઠ ઉપાય છે,

### આરોપીઓને જાહેરમાં માર મારવાના કેસમાં તપાસ પૂર્ણ

સુરતના સલાબતપુરા વિસ્તારમાં હાથકડી પહેરાવેલા આરોપીઓને જાહેરમાં માર મારવાની ઘટનામાં અગાઉની સુનાવણીમાં હાઇકોર્ટે ડીસીપી નકુમની તાત્કાલિક બદલી કરવાનો આદેશ આપ્યો હતો, જેથી તેમની હેઠળના જુનિયર પોલીસ કર્મચારીઓ તપાસ દરમિયાન કોઈપણ પ્રકારના દબાણ વિના નિવેદન આપી શકે. હવે તેમની સામેની તપાસ પૂર્ણ થયા બાદ અહેવાલ સીલબંધ કવરમાં કોર્ટ સમક્ષ રજૂ કરાયો છે.


## જાહેર હરાજી

આથી રસ ધરાવતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે ઓરવાડ ગામમાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, વલસાડ સંચાલિત ઓરવાડ પ્રાથમિક શાળા આવેલ છે. તે શાળાના ૨ ( બે ) પાકા જર્જરિત ઓરડા તોડવા તેમજ કાટમાળની હરાજી તા. ૦૫/૦૯/૨૦૨૬ ના શનિવાર ના રોજ ૦૯:૦૦ કલાકે રાખવામાં આવેલ છે. હરાજી શરૂ થતાં પહેલાં રૂ. ૧૫૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પૂરા) ડીપોઝીટ પેટે (રીફંડેબલ) ભરવાની રહેશે. તે સિવાય હરાજીમાં ભાગ લઈ શકાશે નહિ. હરાજીની તમામ શરતો હરાજી પહેલાં વાંચી સંભળાવવામાં આવશે. જે તમામને બંધનકર્તા રહેશે. હરાજીમાં મહત્તમ બોલી બોલનારને કાટમાળ ખરીદવા હકદાર ગણાશે, તથા તેઓએ કરેલ બોલીના ૨૫% રકમ તાત્કાલિક સ્થળ પર ચેક દ્વારા ભરવાની રહેશે અને બાકીની રકમ શરતો પ્રમાણે ભરવાની રહેશે, અન્યથા ડીપોઝીટની રકમ જપ્ત કરવાપાત્ર થશે. જાહેર હરાજી મંજૂર/નામંજૂર કે રદ કરવાની તમામ સત્તાઓ SMC ઓરવાડ પ્રા.શાળા ની રહેશે.

SMC ઓરવાડ પ્રાથમિક શાળા

આચાર્યશ્રી
ઓરવાડ પ્રા. શાળા
તા. પારડી, જિ. વલસાડ.

ન. માહિતી/વલસાડ/૩૩૨/૨૦૨૬

Muthoot Homefin
Muthoot Homefin (India) Ltd.

CIN - U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસઃ મૂથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ 19/E, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ નજીક, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.
બ્રાન્ચ ઓફિસ મૂથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડઃ મૂથૂટ હોમફિન (1) લિમિટેડ, 503, સેફાયર બિઝનેસ હબ, એલ.પી. સવાણી રોડ, મધુવન સર્કલ નજીક, અડાજણ, સુરત, ગુજરાત - 395009

પરિશિષ્ટ-IV-A [નિયમ 8(6) ની જોગવાઈ જુઓ]

### પ્રાઈવેટ ટ્રીટી કમ વેચાણ માટે જાહેર નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ દેવાદારો પાસેથી બાકી નીકળતી રકમની વસૂલાત માટે મૂથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા નીચે દર્શાવેલ સુરક્ષિત અસ્કયામતનો કબ્જો લીધા અનુસંધાને, નીચે દર્શાવેલ સ્થાવર મિલકત ખરીદવા માટે નીચે સહી કરનાર અધિકારી દ્વારા સીલબંધ કવરમાં ઓફરો આમંત્રિત કરવામાં આવે છે, જેનો કબ્જો 'જે સ્થિતિમાં છે જ્યાં છે ત્યાં', 'જે સ્થિતિમાં છે જે છે ત્યાં' અને 'જે કંઈ પણ છે તે સ્થિતિમાં' ના આધારે છે, જેની વિગતો નીચે મુજબ છેઃ-

| અ. ક્રમ | દેવાદાર(ઓ)/ સહ-દેવાદાર(ઓ)/ જામીનદાર(ઓ) / લોન એકાઉન્ટ નંબર / શાખા | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | રિઝર્વ પ્રાઇસ | અર્નેસ્ટ મની ડિપોઝીટ (EMD) (RP ના 10%) |
|---|---|---|---|---|---|
| 1. | ગજેન્દ્ર સિંહ ગણેશીરામ ચૌહાણ/ ઉમા ગજેન્દ્ર સિંહ ચૌહાણ/004-00402791/ સુરત | 25-ઓક્ટોબર-2021 Rs. 11,51,799/- રૂપિયા અગિયાર લાખ પચાસ હજાર સાતસો નવાણું માત્ર. | ફ્લેટ નંબર 305, શ્રી સાઈ રેસિડેન્સી, B વિંગ, કિમ ફાટક નજીક, કુડસદ, સુરત, ગુજરાત - 394110 | Rs. 2,50,000/- રૂપિયા બે લાખ પચાસ હજાર માત્ર. | Rs. 25,000/- રૂપિયા પચ્ચીસ હજાર માત્ર. |

1. હરાજી 'જે સ્થિતિમાં છે જ્યાં છે ત્યાં' અને 'જે સ્થિતિમાં છે જે છે ત્યાં'ના આધારે યોજાઈ રહી છે.
2. હરાજી વેચાણના વિગતવાર નિયમો અને શરતો નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સમાવવામાં આવેલ છે, જે ઉપર જણાવેલ પ્રાદેશિક કાર્યાલય પર ઉપલબ્ધ છે.
3. 'Muthoot Homefin (India) Ltd'ના નામે ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચૂકવવાપાત્ર અર્નેસ્ટ મની ડિપોઝીટ અને KYC સાથે નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સીલબંધ બીડ/ઓફર સબમિટ કરવાની છેલ્લી તારીખ 10-સપ્ટેમ્બર-2026ના રોજ સાંજે 04:00 વાગ્યા સુધી ઉપર દર્શાવેલ પ્રાદેશિક કાર્યાલયના સરનામે છે. સંપૂર્ણ રીતે ભરેલા ન હોય તેવા ટેન્ડરો અથવા છેલ્લી તારીખ પછી મળેલા ટેન્ડરો અમાન્ય ટેન્ડર ગણાશે અને તે મુજબ રદ કરવામાં આવશે. અર્નેસ્ટ મની ડિપોઝીટ પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. સ્થાવર મિલકતના નિરીક્ષણની તારીખ 09-સપ્ટેમ્બર-2026ના રોજ બપોરે 01:00 વાગ્યાથી બપોરે 03:00 વાગ્યા સુધીની છે.
5. મિલકત માટે બીડ/ઓફર હરાજી ખોલવાની તારીખ 11-સપ્ટેમ્બર-2026ના રોજ ઉપર દર્શાવેલ શાખા કાર્યાલયના સરનામે બપોરે 01:00 વાગ્યે અધિકૃત અધિકારી દ્વારા છે.
6. કોઈ પણ બાકી સરકારી નોટિસ અને બોજા/ટેક્સ બાકી વગેરેની ચુકવણી માટે MHIL જવાબદાર રહેશે નહીં અને જો કોઈ હોય તો, તે રકમ ચૂકવવાની જવાબદારી સફળ હરાજી ખરીદનારની રહેશે. ઈચ્છુક બોલી લગાવનારે મિલકતના બોજા અને ટાઈટલ અંગે પોતાની સ્વતંત્ર તપાસ કરવી જોઈએ તેમજ નિરીક્ષણ કરીને પોતાની જાતે સંતોષ કરવો જોઈએ.
7. સર્વોચ્ચ બોલી લગાવનાર MHIL લિમિટેડની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારી પાસે કોઈ પણ કારણ આપ્યા વિના મળેલી તમામ અથવા કોઈ પણ ઓફર/બીડને સ્વીકારવાનો અધિકાર અનામત રહેશે. તેમનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.
8. દેવાદારો/જામીનદારોને આથી સરફેસી એક્ટ, 2002 હેઠળ હરાજીની તારીખ પહેલાં ઉપર જણાવેલ રકમ ચૂકવવા માટે 15 દિવસની વેચાણ નોટિસ આપવામાં આવે છે, તેમ કરવામાં નિષ્ફળ જતાં સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકીની રકમ, જો કોઈ હોય તો, વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો દેવાદાર વેચાણની તારીખ પહેલાં મૂથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડને બાકી નીકળતી રકમ સંપૂર્ણ ચૂકવી દે છે, તો હરાજી રદ થવા પાત્ર છે.

વધુ વિગતો માટે, ઉપર દર્શાવેલ ઓફિસ સરનામે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો. સંપર્ક વ્યક્તિ- અમર પાટીલ- 9737057744

તારીખઃ 22 ઓગસ્ટ, 2026
સ્થળઃ સુરત

સહી/- અધિકૃત અધિકારી,
મૂથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ

बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda

રીઝનલ ઓફીસ : સુરત શહેર ક્ષેત્ર-૨, પ્લોટ નં. ૬-બી, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૭

### વાહનના વેચાણ માટે ની હરાજી નોટીસ

આથી આ નોટીસ જાહેર જનતાને તથા વિશેષરૂપે દેવાદાર(રો) અને જામીનદાર(રો) અને ગીરવેદાર(રો) ને આપવામાં આવે છે કે બેંકે પક્ષકારો દ્વારા કરવામાં આવેલા હાઈપોથીકેશન/લોન કરાર હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે દર્શાવેલ હાઈપોથીકેશન કરેલ વાહનને પાછું મેળવ્યું/જપ્ત કર્યું છે અને વાહન માટે "જે છે ત્યાં છે", "જે છે તે છે" અને "જેમ છે તેમ છે" ના આધારે વેચવામાં આવશે. જે અંગેનાં દેવાદાર/ઓ/ ગીરવેદાર/ જામીનદાર/ઓ, સુરક્ષિત કરેલ મિલકતો બાકી રકમ, અનામત કિંમત, ઈ-હરાજી તારીખ અને સમય, ઈએમડી અને બોલી વધારીની રકમ નીચે દર્શાવેલ છે.

**હરાજીની તા.૧૬/૦૯/૨૦૨૬, સમય : બપોરે ૨:૦૦ થી સાંજે ૬:૦૦,**
**બીડ ભરવાની છેલ્લી તારીખ અને સમય : ૧૬.૦૯.૨૦૨૬, સાંજે : ૦૫.૫૯**
**નિરિક્ષણ તારીખ અને સમય : ૧૧/૦૯/૨૦૨૬ અને ૧૪/૦૯/૨૦૨૬, સવારે ૧૦: ૦૦ થી સાંજે ૫:૦૦**

| અ. નં. | દેવાદાર/ જામીનદાર નામ અને સરનામું | વાહન ની વિગતો | બાકી લેણા (રૂ. લાખમાં) | અનામત કિંમત / ન્યુનતમ ઈએમડી / બીડ વધારાની રકમ | ૧. ઈએમડી ડિપોઝીટ ખાતા નં. ૨. આઈએફએસસી કોર્ડ ૩. બેંક ઓફ બરોડા શાખા |
|---|---|---|---|---|---|
| ૧ | કરનીકુશલ ચરન રહેણાંક – ૧ શક્તિ નગર મોડેલ ટાઉન પરવત પાટીયા, સુરત સીટી, સુરત, ગુજરાત પીન કોડ– ૩૯૫૦૧૦ | હુંડાઈ મોટર ઈન્ડિયા લી. I20 -Asta VTVT ,GJ05RF2559, Petrol , Polar White, Date of Reg 03.11.2018, Chasis No – MALBM51 BLJM592865, Engine No – G4LAJM002139 | રૂ.૦૫.૬૯ + અન્ય ચાર્જીસ | ૧) રૂ. ૩,૨૫,૦૦૦/– ૨) રૂ. ૩૨,૫૦૦/– ૩) રૂ. ૧૦,૦૦૦/– | ૧. ખાતા નં. ૨૬૬૯૦૦૧૫૧૮૧૮૬૯ ૨. BARB0DUMSUR ૩. એપીએમસી ડુંભાલ |

BAANKNET મિલકત આઈડી અને હરાજી આઈડી અનું. નં. વગેરે વિગતો નીચે આપવામાં આવેલ છે.

| અનું. નં.૧ | BAANKNET મિલકત આઈડી : BARB266920251101 | હરાજી આઈડી –૩૪૯૫૪૬ |
|---|---|---|

* પર્કિંગ ચાર્જ બિડર/ખરીદનાર દ્વારા ભોગવવાનો રહેશે.
સફળ હરાજી ખરીદનાર/ બિડરે બેંકને વેચાણ રકમ ઉપરાંત લાગુ પડતો ગુડ્સ અને સર્વિસ ટેક્સ (GST)
વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે કૃપા કરીને વેબસાઈટ લિંક https://baanknet.com નો સદર્ભ લો/મુલાકાત લો. સંભવિત બોલી લગાવનારાઓ સંપર્ક કરી શકે છે.અધિકૃત અધિકારી સંપર્ક અધિકારી : + ૯૧ ૭૮૧૪૩૪૬૩૧૭, + ૯૧ ૭૯૭૮૧૧૭૯૨૨

તારીખ : ૨૨.૦૮.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા


**ભાવનગરથી ઝેરી દારૂ પીને સુરત આવેલા સિક્યુરિટી ગાર્ડનું મોત થયું**

# ઝેરી દારૂને કારણે ઓક્સિજન મગજ સુધી પહોંચ્યું નહીં, આખરે બ્રેઈનડેડ



**લઠ્ઠાં** કાંડમાં જ મોતની આશંકા, મિત્રો સાથે દારૂ પીધા બાદ ગાર્ડ સુરત આવ્યો હતો

**સિરીયસ** હાર્ટ એટેકથી એક વખત હૃદય બંધ પડી ગયું, પણ સીપીઆર આપી ચાલુ કરાયું પણ મગજે સાથ નહીં આપ્યો

### ઓક્સિજનના અભાવે સંજયસિંઘનું મગજ નિષ્ક્રિય થઈ ગયું

જ્યારે તબીબો દ્વારા તેની તપાસ કરવામાં આવી ત્યારે ખબર પડી કે તેના મગજ સુધી ઓક્સિજન જ પહોંચતો નહોતો. ઉપરાંત તેને ઈથેનોલ અને મિથેનોલના ઝેરની ગંભીર અસર થયાનું પણ જણાયું હતું. ઝેરી દારૂ પીધાના આશરે 8થી 10 કલાકમાં જ ઝેર તેના આખા શરીરમાં ફેલાઈ જતાં તેની તબિયત અતિ ગંભીર થઈ જવા પામી હતી અને તેને તાકીદે સુરતની ખટોદરા ખાતે આવેલી આઈએનએસ હોસ્પિ.માં લઈ જવામાં આવ્યો હતો. હોસ્પિ.માં સુપર સ્પેશિયાલિસ્ટ તબીબો દ્વારા તેની સારવરા કરવા છતાં પણ તેનું મગજ નિષ્ક્રીય થઈ જવા પામ્યું હતું. જેથી તેને બ્રેઈડડેડ જાહેર કરાયો હતો.

### પોલીસના દબાણની પણ ચર્ચા : તબીબો મૌન

આ સમગ્ર ઘટનાને લઈને એવી પણ ચર્ચા ચાલી રહી છે કે પોલીસ દ્વારા સારવાર કરી રહેલા તબીબો પર ઘટનાની વિગતો અને તબીબી રિપોર્ટ અંગેની માહિતી મીડિયા કે બહારના લોકો સુધી ન પહોંચે તે માટે ભારે દબાણ કરવામાં આવી રહ્યું છે. ખાસ કરીને યુવકના બ્રેઇન ડેડ થવા અને ઇથેનોલ-મિથેનોલ પોઈઝનની સંભવિત અસર અંગેની માહિતી જાહેર ન થાય તે માટે સાવચેતી રાખવા જણાવાયું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. જોકે આ મામલે પોલીસ કે હોસ્પિટલના તબીબો પૈકી કોઈ પણ વ્યક્તિ સત્તાવાર રીતે કંઈ કહેવા તૈયાર નથી. આથી સમગ્ર ઘટનાને લઈને અનેક તર્ક-વિતર્ક અને સવાલો ઊભા થયા છે.

સુરતઃ આખા ગુજરાતમાં ભારે ખળભળાટ મચાવી દેનાર ભાવનગરના લઠ્ઠાકાંડમાં ભાવનગરથી ઝેરી દારૂ પીને સુરત આવેલા સંજયસિંહને ખટોદરાની આઈએનએસ હોસ્પિ.માં ત્રણ દિવસ આઈસીયુમાં સારવાર આપવામાં આવ્યા બાદ આખરે તબીબો દ્વારા તેને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યો છે.

મૂળ ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના ટીંગળી ગામના વતની અને હાલમાં અઠવાલાઈન્સ ખાતે આવેલી સરકારી ગર્લ્સ પોલીટેકનિક કોલેજમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા સંજયસિંહ લક્ષ્મણસિંહ ડોડીયા (ઉ.વ. 37) 15 ઓગસ્ટના રોજ રજા હોવાથી પોતાના વતન ભાવનગર ગયા હતા. ત્યાં મિત્રો સાથે તેમણે દારૂની મહેફિલ માણી હોવાનું જાણવા મળ્યું છે.ત્યારબાદ 16 ઓગસ્ટના રોજ સંજયસિંહ ભાવનગરથી સુરત પરત આવ્યા હતા. સુરત આવ્યા બાદ બપોરના સમયથી તેમની તબિયત અચાનક બગડવા લાગી હતી. જેથી પરિવારજનો અને પરિચિતોએ તેમને તાત્કાલિક સારવાર માટે વરાછા હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવારની જરૂર જણાતાં સંજયસિંહને પુણા વિસ્તારમાં આવેલી ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે ત્યાં પણ તેમની તબિયતમાં સુધારો થયો નહોતો. ભારે હાર્ટ એટેકને કારણે તેનું એક વખત હૃદય પણ બંધ પડી ગયું હતું. જોકે તે સમયે તબીબોએ તેને સીપીઆર આપીને જીવતો કર્યો હતો પરંતુ ત્યારબાદથી તે સતત બેભાન અવસ્થામાં જ હતો.


## જાહેર નોટીસ
## નગર રચના યોજના નં. ૧૦૨ (કણાદ)

આથી, તમામ હિત ધરાવતી અને સંબંધિત વ્યક્તિઓને જણાવવામાં આવે છે કે, ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૮(૨) હેઠળ જાહેરનામાં ક્રમાંકઃ જીએચ/વી/૨૦૨૬ નો ૧૦૬/UDUHD/TPS/e-file/૧૮/૨૦૨૬/૧૯૦૦/લ, તા.૦૯/૦૬/૨૦૨૬થી મંજુર થયેલ મુસદ્દારૂપ નગર રચના યોજના, નં.૧૦૨(કણાદ) ને આખરી કરવા સારૂ સરકારશ્રી દ્વારા અધિસુચના ક્રમાંકઃ જીએચ/વી/૨૦૨૬ નો ૧૦૭/UDUHD/TPS/e-file/૧૮/૨૦૨૬/ ૧૯૦૦/લ, તા.૦૯/૦૬/૨૦૨૬થી અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૦(૧)ની જોગવાઇઓ હેઠળ નગર નિયોજક-3, પ્રવર નગર નિયોજકશ્રીની કચેરી, નગર રચના યોજના, એકમ-૧, સુરતની નગર રચના અધિકારી તરીકે હોદ્દાની રૂએ નિમણૂંક કરવામાં આવેલ. જે અન્વયે અત્રે દ્વારા તા.૨૫/૦૬/૨૦૨૬ને ગુરૂવારના રોજ નગર રચના અધિકારી તરીકેની ફરજો સંભાળેલ છે.

જે અન્વયે જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧૦૨ (કણાદ) સુરતમાં આવરી લેવાયેલ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ જમીનોના માલિકો/હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓને સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તો બાબતે સુનાવણી માટે અત્રેથી તા.૧૫/૦૭/૨૦૨૬ થી નોટીસો બજાવવામાં આવેલ. જે અન્વયે સુનાવણીની કામગીરી તા.૦૬/૦૮/૨૦૨૬ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે.

-: પરિશિષ્ટ :-

નગર રચના યોજના નં. ૧૦૨ (કણાદ)ના મોજે : કણાદના બ્લોક નં. : ૧, ૩, ૪, ૬, ૮, ૭, ૧૦, ૧૧, ૧૨/૧, ૧૨/૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧/અ/૧, ૩૫, ૩૬/૧, ૩૬/૨/૧, ૩૬/૨/૨, ૩૬/૩, ૩૯/અ, ૩૯/બ, ૪૦/પૈકી/૧, ૪૦/પૈકી/૨, ૪૧/અ, ૪૧/બ, ૪૧/ક, ૪૨, ૪૩/૧/પૈકી/૧, ૪૩/૧/પૈકી/૨, ૪૩/૨, ૪૫, ૪૬, ૪૭/અ/૧, ૪૭/અ/૨, ૪૭/અ/૩, ૪૭/અ/૪, ૪૭/અ/૫, ૪૭/અ/૬, ૪૭/અ/૭, ૪૭/અ/૮, ૪૭/અ/૯, ૪૭/અ/૧૦, ૪૭/અ/૧૧, ૪૭/અ/૧૨, ૪૭/અ/૧૩, ૪૭/અ/૧૪, ૪૭/અ/૧૫, ૪૭/અ/૧૬, ૪૭/અ/૧૭, ૪૭/અ/૧૮, ૪૭/અ/૧૯, ૪૭/અ/૨૦, ૪૭/અ/૨૧, ૪૭/અ/૨૨, ૪૭/અ/૨૩, ૪૭/અ/૨૪, ૪૭/અ/૨૫, ૪૭/અ/૨૬, ૪૭/અ/૨૭, ૪૭/અ/૨૮, ૪૭/અ/૨૯, ૪૭/અ/૩૦, ૪૭/અ/૩૧, ૪૭/અ/૩૨, ૪૭/અ/૩૩, ૪૭/અ/૩૪, ૪૭/અ/૩૫, ૪૭/અ/૩૬, ૪૭/અ/૩૭, ૪૭/અ/૩૮, ૪૭/અ/૩૯, ૪૭/અ/૪૦, ૪૭/અ/૪૧, ૪૭/અ/૪૨, ૪૭/અ/૪૩, ૪૭/અ/૪૪, ૪૭/અ/૪૫, ૪૭/અ/૪૬, ૪૭/અ/૪૭, ૪૭/અ/૪૮, ૪૭/અ/૪૯, ૪૭/અ/૫૦, ૪૭/અ/૫૧, ૪૭/અ/૫૨, ૪૭/અ/૫૩, ૪૭/અ/૫૪, ૪૭/અ/૫૫, ૪૭/અ/૫૬, ૪૭/અ/૫૭, ૪૭/અ/૫૮, ૪૭/અ/૫૯, ૪૭/અ/૬૦, ૪૭/અ/૬૧, ૪૭/અ/૬૨, ૪૭/અ/૬૩, ૪૭/અ/૬૪, ૪૭/અ/૬૫, ૪૭/અ/૬૬, ૪૭/અ/૬૭, ૪૭/અ/૬૮, ૪૭/અ/૬૯, ૪૭/અ/૭૦, ૪૭/અ/૭૧, ૪૭/અ/૭૨, ૪૭/અ/૭૩, ૪૭/અ/૭૪, ૪૭/બ, ૪૮, ૪૯, ૫૦/અ, ૫૦/બ, ૫૧, ૫૨/અ, ૫૨/બ/૧, ૫૨/બ/૨, ૫૨/ક, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭/૧, ૫૭/૨, ૫૭/૩/૧, ૫૭/૩/૨, ૫૭/૪, ૫૭/૫, ૫૭/૬, ૫૮/અ, ૫૮/બ, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૬૬, ૬૭/અ, ૬૭/બ, ૬૮, ૬૯, ૭૦, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯/અ, ૭૯/બ, ૭૯/ક/પૈકી/૧, ૭૯/ક/પૈકી/૨, ૭૯/ડ, ૭૯/ઇ, ૮૦/અ, ૮૦/બ, ૮૦/ક, ૮૦/ડ, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬/અ, ૮૬/બ, ૮૭/અ, ૮૭/બ, ૮૭/ક, ૮૮/અ, ૮૮/બ, ૮૯, ૯૦/૧, ૯૦/૨, ૯૦/૩, ૯૦/૪, ૯૦/૫, ૯૧, ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૧/અ, ૧૦૧/બ/૧, ૧૦૧/બ/૨, ૧૦૧/બ/૩, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૦૮/૧, ૧૦૮/૨/૧, ૧૦૮/૨/૨, ૧૦૮/૨/૩, ૧૦૯, ૧૧૧/૧, ૧૧૧/૨, ૧૧૩, ૧૧૪, ૧૧૫, ૧૧૬/અ, ૧૧૬/બ, ૧૧૭, ૧૧૮, ૧૧૯, ૧૨૦/પૈકી/૧, ૧૨૦/પૈકી/૨, ૧૨૧/અ, ૧૨૧/બ, ૧૨૨, ૧૨૩, ૧૨૪, ૧૨૫/અ, ૧૨૫/બ, ૧૨૫/ક, ૧૨૫/ડ, ૧૨૬, ૧૨૭/પૈકી, ૧૨૮/અ/૧/૧/પૈકી, ૧૨૮/અ/૧/૨/પૈકી, ૧૨૮/અ/૧/૩, ૧૨૮/અ/પૈકી/૨, ૧૨૮/અ/પૈકી/૩, ૧૨૮/અ/પૈકી/૪, ૧૨૮/બ, ૧૨૯, ૧૩૦/અ, ૧૩૦/બ, ૧૩૦/ક, ૧૩૧/પૈકી/૧, ૧૩૧/પૈકી/૨, ૧૩૧/પૈકી/૩, ૧૩૧/પૈકી/૪, ૧૩૧/પૈકી/૫, ૧૩૧/પૈકી/૬, ૧૩૨/પૈકી, ૧૩૩/પૈકી, ૧૩૪/પૈકી, ૧૩૫/અ/પૈકી, ૧૩૫/બ, ૧૩૬/અ/પૈકી, ૧૩૬/બ/પૈકી, ૧૩૬/ક/પૈકી, ૧૩૯/ક/પૈકી, ૧૪૪/પૈકી., ૧૬૮/પૈકી, ૧૬૯/પૈકી, ૧૭૦/પૈકી/૧, ૧૭૦/પૈકી/૨, ૧૭૧/અ, ૧૭૧/બ, ૧૮૫/પૈકી/૧/પૈકી/૨, ૧૮૫/પૈકી/૨, ૧૮૬, ૧૮૭, ૧૮૮, ૧૮૯/૧, ૧૮૯/૨, ૧૯૦, ૧૯૧, ૧૯૨, ૧૯૩/અ, ૧૯૩/બ, ૧૯૪, ૧૯૫, ૧૯૬, ૧૯૭/અ/પૈકી, ૧૯૭/બ, ૧૯૮, ૧૯૯/અ/પૈકી, ૧૯૯/બ, ૨૦૦/અ/પૈકી, ૨૦૨/બ/પૈકી, ૨૦૦/ક, ૨૦૧/પૈકી, ૨૦૨, ૨૦૩, ૨૦૪, ૨૦૫, ૨૦૬, ૨૦૭, ૨૦૮, ૨૦૯, ૨૧૦, ૨૧૧, ૨૧૨, ૨૧૩, ૨૧૪, ૨૧૫, ૨૧૬, ૨૧૭, ૨૧૮, ૨૧૯, ૨૨૦, ૨૨૧, ૨૨૨, ૨૨૩, ૨૨૪, ૨૨૫/પૈકી/૧, ૨૨૫/પૈકી/૨, ૨૨૬, હયાત નાળા, માર્ગ, કેનાલ તથા ખાડી વિગેરે.

-: નગર રચના યોજના નં. ૧૦૨ (કણાદ)ની ચર્તુઃસીમા તથા હદ નીચે મુજબ છે. :-

| | | |
|---|---|---|
| ઉત્તરે | :- | મોજે : કણાદ ગામના બ્લોક નંબર/સર્વે નંબરો |
| દક્ષિણે | :- | લાગુ નગર રચના યોજના નં. ૮૮ (વરીયાવ) ની હદ |
| પૂર્વે | :- | લાગુ સુચિત નગર રચના યોજના નં. ૧૦૧ (શેરડી)ની હદ તથા લાગુ નગર રચના યોજના નં. ૮૮ (વરીયાવ) ની હદ |
| પશ્ચિમે | :- | લાગુ સુચિત નગર રચના યોજના નં. ૧૦૪ (જોથાણ-સરોલી)ની હદ તથા લાગુ નગર રચના યોજના નં. ૧૦૫ (સરોલી) ની હદ |

ઉપરોક્ત યોજના વિસ્તારમાં માલિકી ધરાવતી, હિતસંબંધી ધરાવતી કે ભાડુઆત, કબ્જા હક્ક ધરાવતી દરેક વ્યક્તિઓને નામ કે સરનામાના અભાવે કે અન્ય કોઈ કારણસર નોટીસ બજેલ ન હોય તો તેવી વ્યક્તિઓ/ઇસમોને આ જાહેર નોટીસ દ્વારા જણાવવામાં આવે છે કે, આ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૦ (દસ) માં નીચે જણાવેલ સરનામે રજાના દિવસો સિવાય કચેરીના કામકાજના સમય દરમિયાન નીચે સહી કરનાર નગર રચના અધિકારી સમક્ષ રૂબરૂ અથવા અધિકૃત પ્રતિનિધિ દ્વારા જમીનની માલિકી અંગેના દસ્તાવેજી પુરાવા જેવા કે, ગામ નમુના નં.૭/૧૨ની અધતન અસલ નકલ, સક્ષમ સત્તામંડળ દ્વારા મંજુર કરેલ લે-આઉટ/બાંધકામના નકશાની નકલ તથા અન્ય દસ્તાવેજી પુરાવાઓ સહ હાજર રહી મુસદ્દારૂપ યોજનાની દરખાસ્ત અંગે સમજણ મેળવી રજુઆત કરી શકશે.

ઉક્ત મુદત દરમિયાન યોજનામાં સમાવિષ્ટ જમીન માલિકો/હિતસંબંધી ધરાવતી અન્ય વ્યક્તિઓ તરફથી જો કોઈ રજુઆત કરવામાં નહીં આવે તો મુસદ્દારૂપ યોજનાની દરખાસ્ત બાબતે તેઓએ કાંઈ કહેવાનું નથી તેમ સમજી અત્રે ઉપલબ્ધ રેકર્ડ, પુરાવાઓ ધ્યાને લઈ ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અને અધિનિયમ-૧૯૭૬ની જોગવાઈ મુજબ પ્રારંભિક યોજના સંબંધિત આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને તે અન્વયે લીધેલ નિર્ણય તેઓને માન્ય તેમજ બંધનકર્તા રહેશે. જેની દરેકે નોંધ લેવા વિનંતી છે.

સ્થળઃ સુરત
તા. ૧૮ /૦૮/૨૦૨૬

કચેરીનું સરનામુઃ-
નગર રચના અધિકારી અને નગર નિયોજક-3,
સુરત નગર રચના યોજના એકમ-૧, સુરત
પ્રવર નગર નિયોજકશ્રીની કચેરી,
પાંચમો માળ, સુડા ભવન, આગમ આર્કેડની સામે,
વેસુ-આભવા રોડ, વેસુ, સુરત-૩૯૫૦૦૭.
Email: stp-tpo1-srt@gujarat.gov.in

(આદિત્ય એમ.પટેલ)
નગર રચના અધિકારી અને
નગર નિયોજક-3,
સુરત નગર રચના યોજના એકમ-૧,
સુરત.

ક્રમાંક . માહિતી-સુરત/૫૧૬/૨૦૨૬